Press Release

# મહિન્દ્રા ઑન-ઓનલાઇન દ્વારા ઓટોમોટિવ રિટેલ સેગમેન્ટને નવેસરથી પરિભાષિત કરશે

- ભારતનું સૌથી વધુ સંપૂર્ણ, એન્ડ-ટૂ-એન્ડ ઓનલાઇન કાર ઑનિંગ સોલ્યુશન લોંચ કર્યું, જે સ્માર્ટ, કોન્ટેક્ટલેસ અને શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડે છે
- 4 સરળ સ્ટેપમાં ગ્રાહક ઓનલાઇન એક્સચેન્જ, ફાઇનાન્સ અને વીમો, પર્સનલાઇઝ તથા તેમની પસંદગીના મહિન્દ્રાના વાહનોનાં માલિક બનવાનો લાભ મેળવી શકે છે
- રિયલ-ટાઇમ આસિસ્ટન્સ માટે 'ઑન-ઓનલાઇન'માં 270થી વધારે ડિલરો અને 900થી વધારે ટચપોઇન્ટના સંપૂર્ણ નેટવર્ક સાથે હાઇજેનિક હોમ ટેસ્ટ-ડ્રાઇવ અને વ્હિકલની ડિલિવરીની સુવિધા

**મુંબઈ, 8 મે, 2020:** 20.7 અબજ ડોલરના મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (એમએન્ડએમ લિમિટેડ)એ આજે **ભારતનાં સૌથી વધુ સંપૂર્ણ, એન્ડ ટૂ એન્ડ, ઓનલાઇન વ્હિકલ ઑનરશિપ સોલ્યુશન 'ઑન-ઓનલાઇન'** લોંચ કરવાની જાહેરાત કરી હતી. આ **મહિન્દ્રાના વ્હિકલના માલિક બનવાની નવી સ્માર્ટ રીત** છે. ઑન-ઓનલાઇન એક વન-સ્ટોપ, 24X7 ડેસ્ટિનેશન છે, જ્યાં ગ્રાહકો **4 સરળ સ્ટેપ**માં મહિન્દ્રાના વાહનની ખરીદી કરી શકે છે, એના માટે ધિરાણ મેળવી શકે છે, વીમો ઉતરાવી શકે છે, વાહન એક્સચેન્જ કરાવી શકે છે અને એક્સેસરીઝ મેળવી શકે છે. આ તમામ સુવિધાઓ ગ્રાહકો તેમના ઘરમાંથી સુવિધાજનક રીતે મેળવી શકે છે. **(www.mahindrasyouv.com/Own-Online).**

**હવે ગ્રાહક 4 સરળ સ્ટેપમાં મહિન્દ્રાના વાહનના માલિક બની શકે છેઃ**

1. **એક્સપ્લોર એન્ડ પર્સનલાઇઝ**
   *મહિન્દ્રાની એસયુવીની બહોળી રેન્જને ચકાસો અને તમારી જરૂરિયાત અનુસાર એને પર્સનલાઇઝ કરો.*
2. **તાત્કાલિક એક્સચેન્જ કિંમત મેળવો**
   *ડિલરની પસંદગી કરો અને તમારી જૂની કાર માટે તાત્કાલિક, રિયલ-ટાઇમ ક્વોટેશન મળવો.*
3. **ફાઇનાન્સ અને વીમાની પસંદગી કરો**
   *ફાઇનાન્સ અને વીમાના વિવિધ વિકલ્પોની પસંદગી કરો તથા ઓનલાઇન મંજૂરી મેળવો.*
4. **પેમેન્ટ અને ડિલિવરી @ડોરસ્ટેપ**
   *પસંદગીના સ્થળ પર પેમેન્ટ કરો અને 'કોન્ટેક્ટલેસ' ડિલિવરી મેળવો.*

ઑન-ઓનલાઇન લોંચ વિશે **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડનાં ઓટોમોટિવ ડિવિઝનના સીઇઓ વિજય નાકરાએ** કહ્યું હતું કે, "આજે અમને ભારતનું સૌથી સંપૂર્ણ, એન્ડ-ટૂ-એન્ડ, ઓનલાઇન કાર ઑનરશિપ સોલ્યુશન પ્લેટફોર્મ 'ઑન-ઓનલાઇન' લોંચ કરવાની ખુશી છે. આ ગ્રાહકોને પિત્ઝાની ડિલિવરીથી ઓછા સમયમાં સરળ અને સુવિધાજનક 4-સ્ટેપમાં મહિન્દ્રાના વાહનના માલિક બનાવે છે!"

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.

**શ્રી નાકરાએ** વધુમાં ઉમેર્યું હતું કે, "અમારા પ્રી અને પોસ્ટ પર્ચેઝ ઓનલાઇન સોલ્યુશન ઉપલબ્ધ હોવાની સાથે અમારા માટે કાર ખરીદીનો નવો અને શ્રેષ્ઠ અનુભવ આપવા આગામી લોજિકલ સ્ટેપ હતું. તાજેતરમાં તમામ કેટેગરીઓમાં ઓનલાઇન માધ્યમ મારફતે પસંદગી વધી રહી છે અને આગળ જતાં ગ્રાહકોમાં વાહનોની ઓનલાઇન ખરીદીનો પ્રવાહ વધી રહ્યો છે. અમે અમારા ગ્રાહકોને ઉદ્યોગમાં ઘણા અનુભવો સૌપ્રથમ પ્રદાન કરીને ઓટોમોટિવ રિટેલમાં આ પરિવર્તન લાવવા લીડ લેવા તૈયાર છીએ."

**ઑન-ઓનલાઇન સાતત્યપૂર્ણ સોલ્યુશન છે, જેમાં ગ્રાહક તેમના વાહનને પર્સનલાઇન કરી શકે છે, તાત્કાલિક એક્સચેન્જ કરી શકે છે, ગણતરીની ક્લિકમાં ફાઇનાન્સ અને વીમા ક્વોટેશન મેળવી શકે છે તથા પેમેન્ટ બુકિંગ કરાવી શકે છે, જે કારની માલિકીની સફરને ખરાં અર્થમાં એન્ડ-ટૂ-એન્ડ અને ઓનલાઇન બનાવે છે.**

મહિન્દ્રાનાં **270થી વધારે ડિલરો અને 900થી વધારે ટચપોઇન્ટનાં અખિલ ભારતીય નેટવર્કને ઑન-ઓનલાઇન પ્લેટફોર્મ સાથે ઇન્ટિગ્રેટ** કરવામાં આવ્યું છે, જે માટે મજબૂત બેક-એન્ડ ટેકનોલોજી અને પ્રોસેસનો સમન્વય કરવામાં આવ્યો છે. આ ગ્રાહકને સંપૂર્ણ અને સાતત્યપૂર્ણ પર્સનલાઇઝ અનુભવ આપે છે, જે ઓનલાઇન ખરીદીની સુવિધા પૂરી પાડે છે અને સ્થાનિક સહાયની સુવિધા આપે છે. ડિલરશિપ્સે તેમની પ્રક્રિયાઓ અને પ્રોસીજર્સને અપગ્રેડ કરી છે તથા લઘુતમ ફિઝિકલ કોન્ટેક્ટ માટે તાલીમ આપી છે. હકીકતમાં ટેસ્ટ ડ્રાઇવ, ડોક્યુમેન્ટ કલેક્શન અને વાહનની ડિલિવરી જેવી ગ્રાહકો સાથેની આદાનપ્રદાનની પ્રક્રિયામાં વધારાની કાળજીઓ રાખવામાં આવે છે, જેથી સાફસફાઈના ઊંચા ધારાધોરણો જળવાઈ રહે એવી સુનિશ્ચિતતા થઈ છે.

**ઑન-ઓનલાઇન – ઓટો રિટેલની નવી પરિભાષા**

મહિન્દ્રા માટે ઑન-ઓનલાઇન વાહનની ખરીદી પૂર્વ અને ખરીદીના તબક્કાઓ માટે વન-સ્ટોપ ડેસ્ટિનેશન છે, જે યુવાન ગ્રાહકોને પારદર્શકતા, પર્સનલાઇઝેશન અને સુવિધાના ફાયદા આપે છે. આ પ્લેટફોર્મ વાહનની પસંદગીથી ડિલિવરી સુધી પારદર્શક, સાતત્યપૂર્ણ અને કોન્ટેક્ટલેસ અનુભવ આપવા ડિઝાઇન કરેલું છે. ઉપરાંત ગ્રાહકને ઑન ઓનલાઇન પ્રક્રિયા પૂર્ણ કરવા કોઈ પણ પ્રકારની મદદની જરૂરના કેસમાં અમારા પ્રોડક્ટ અને પ્રોસેસ નિષ્ણાતો એક બટન ક્લિક કરતાં ઓનલાઇન ચેટ (વીડિયો અને ટેક્સ્ટ) પર ઉપલબ્ધ થશે.

ઑન-ઓનલાઇન પ્લેટફોર્મ કાર ખરીદવાની સફરના દરેક તબક્કે સુવિધા, પારદર્શકતા અને પર્સનલાઇઝેશન ઓફર કરે છે. જે ગ્રાહકો તેમની જૂની કાર એક્સચેન્જ કરાવવા ઇચ્છતાં હોય, તેમને આ પ્લેટફોર્મ સરળતાપૂર્વક અને પારદર્શક રીતે તાત્કાલિક, રિયલ-ટાઇમ ઓનલાઇન ક્વોટેશન આપે છે. ઉપરાંત જે લોકો લોન પર કારની ખરીદી કરવા ઇચ્છતાં હોય તેઓ તેમની પાત્રતા ચકાસી શકે છે અને ઓનલાઇન મંજૂરીનો પત્ર જનરેટ કરી શકે છે. એનાથી ગ્રાહકને આ પોર્ટલ પર વિવિધ વીમાકંપનીઓ પાસેથી ક્વોટેશનનો વિકલ્પ મળશે અને સંબંધિત ડિલરશિપ દ્વારા વાહનના વીમાની પ્રક્રિયા પણ સુલભ થશે. આ પ્લેટફોર્મ ગ્રાહકને તેમની પસંદગીના મહિન્દ્રાના વાહનને પર્સનલાઇઝ કરાવવા એની એક્સેસરી પસંદ કરવા તથા એક્ષ્ટેન્ડેડ વોરન્ટી અને રોડસાઇડ આસિસ્ટન્ટ જેવા એડ-ઓન્સ લાભ પણ મળશે.

**ઑન-ઓનલાઇન એકમાત્ર માસ-માર્કેટ કાર ઑનિંગ પ્લેટફોર્મ છે, જે ગ્રાહકોને અમારી ડિલરશિપ દ્વારા ઓફર થતા ઓન-રોડ કે ટ્રાન્ઝેક્શન પ્રાઇસ આપે છે, જેમાં રજિસ્ટ્રેશન, રોડ ટેક્સ, વીમો તેમજ ડિસ્કાઉન્ટ અને ઓફર જેવા ફાયદા જેવા તમામ ઘટકો સામેલ છે.**

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.

ઑન-ઓનલાઇન સાથે મહિન્દ્રા હવે કારની માલિકીની, ખરીદીપૂર્વે , ખરીદી અને ખરીદી પછીની સફરને આવરી લે છે, જે માટે દરેક તબક્કામાં ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ મળે છે. મહિન્દ્રાના પ્રી-પર્ચેઝ પ્લેટફોર્મ SyouV દ્વારા ગ્રાહક ઘરેથી સુવિધાજનક રીતે અને પરિવારજનો સાથે મળીને મહિન્દ્રાના વાહનની સુવિધાજનક રીતે પસંદગી કરી શકે છે. જ્યારે મહિન્દ્રાનું ખરીદી પછીનાં પ્લેટફોર્મ વિથ યૂ હંમેશા સાથે ગ્રાહક ઓનલાઇન, વ્યૂ વ્હિકલ હિસ્ટ્રી, સર્વિસ ઇનવોઇસ વગેરે સેવા બુક કરાવી શકે છે. અત્યારે કંપની ભારતમાં ઓટોમોટિવ રિટેલને નવેસરથી પરિભાષિત કરવાના અનુભવને આગામી સ્તરે લઈ જવા તૈયાર છે.

સોશિયલ મીડિયા અપડેટ માટે નીચેના હેશટેગનો ઉપયોગ કરો:
**#MahindraOwnOnline**
**#FutureOfAutoRetail**

## મહિન્દ્રા વિશે

20.7 અબજ ડોલરનું મહિન્દ્રા ગ્રૂપ વિવિધ કંપનીઓનું જૂથ છે, જે લોકોને નવીન મોબાલિટી સોલ્યુશન્સ મારફતે સક્ષમ બનાવે છે, ગ્રામીણ વિસ્તારોમાં સમૃદ્ધિ લાવે છે, શહેરી જીવનની ગુણવત્તા વધારે છે, નવા વ્યવસાયોને પોષણ આપે છે અને વિવિધ સમુદાયોને પ્રોત્સાહન આપે છે. તે ભારતમાં યુટિલિટી વ્હીકલ્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, નાણાકીય સેવાઓ અને વેકેશન ઑનરશિપમાં ટોચનું સ્થાન ધરાવે છે તથા વિશ્વમાં વોલ્યુમની દ્રષ્ટિએ ટ્રેક્ટરની સૌથી મોટી કંપની છે. તે એગ્રીબિઝનેસ, એરોસ્પેસ, કમર્શિયલ વ્હિકલ્સ, કમ્પોનેન્ટ, ડિફેન્સ, લોજિસ્ટિક્સ, રિયલ એસ્ટેટ, રિન્યૂએબલ એનર્જી, સ્પીડબોટ્સ અને સ્ટીલ સહિત વિવિધ વ્યવસાયોમાં મજબૂત હાજરી ધરાવે છે. ભારતમાં હેડક્વાર્ટર ધરાવતું મહિન્દ્રા ગ્રૂપ 100 દેશોમાં 240,000થી વધારે લોકોને રોજગારી આપી છે.

વધારે માહિતી મેળવવા લોગ ઓન કરો: www.mahindra.com / Twitter and Facebook: @MahindraRise

## Media contact information

Mohan Nair
Vice President (Communications)
Mahindra & Mahindra Ltd.
Mobile – + 91 9004012237
Email – nair.mohan@mahindra.com

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.